# કામનુ ભારણ વધતા આર ટી ઓ કચેરી શનિ - રવિની રજામાં પણ ચાલુ રહેશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી આજે અને આવતીકાલે રજાના દિવસોમાં પણ ધમધમતી રહેશ. અગાઉ ચુંટણી પ્રક્રીયા દરમિયાન પણ આર ટી ઓ કચેરીની કામગીરી પર અસર પડી હતી. જયારે કચેરીમાં કામગીરીનુ ભારણ પણ વધી ગયુ હોવાના લીધે આકરી ગરમીમાં આર ટી ઓ કચેરીના કર્મચારીઓને રજા નહીં મળે જયારે અરજદારોની રજુઆતને ન્યાય મળે તે માટે કામગીરી ચાલુ રહેશે.

આર ટી ઓ કચેરીમાં અરજદારો અનેકવારઅટવાતા હોવાની ફરિયાદો પણ વ્યાપક બની છે. આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થવાની સાથે કોમ્પ્યુટરમાં પણ ટેકનિકલ ખામીના લીધે કામગીરી અટકી જતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં છેલ્લા કેટલાક સમયથી આર ટી ઓ કચેરીમાં કામનુ ભારણ વધતા સ્ટાફ માટે પણ શિરદર્દ ઉભો થયો છે. બીજીતરફ અરજદારોના પ્રશ્નોનો પણ ઝડપથી ઉકેલ આવતો નથી. ચુંટણી કામગીરીને અનુલક્ષીને પણ આર ટી ઓ કચેરીની કામગીરી પ્રભાવિત થઈ હતી. જયારે હવે શનિ રવિની બે રજાઓ પણ આવતી હોવાથી આ કામ નિપટાવવુ આર ટી ઓ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. જેને ધ્યાને લઈ કામનુ ભારણ હળવુ કરવા માટે રજાના આ બે દિવસોમાં પણ આર ટી ઓ કચેરી કાર્યરત રાખવા માટે આયોજન કરાયુ છે. જો કે કર્મચારીઓમાં આ વાતને લઈને રોષ પ્રવર્તયો હોવાનો પણ ગણગણાટ છે.

# શહેરમાં આગ ઓકતી ગરમી

**પારો ૪૩.૫ ડીગ્રી : નગરનુ જનજીવન સુન્ન : ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડીગ્રી ઉંચો આવતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમીએ નગરને બાનમાં લીધુ : નગરજનો તોબા : ગરમીથી આકુળવ્યાકુળ**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ગરમીએ આજે વધુ ઉગ્ર મિજાજનો પરચો આપ્યો હતો. ઓરેન્જ એલર્ટ વચ્ચે ગરમીનો પારો ૪૩.૫ ડીગ્રીએ પહોંચી જતા બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસ્યા હતા. શહેરનો આગ ઓકતી ગરમીએ બાનમાં લેતા શહેરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. આકરી ગરમીથી નગરજનો બેબાકળા બની ગયા છે. જયારે ગરમીના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી છે.હીટવેવથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કરે છે. ગરમીએ હદ વટાવતા અંગ દઝાડતા તાપ વચ્ચે આજે સવારથી જ વાતાવરણ ગરમ રહ્યુ હતુ. શહેરીજનો દિવસના અંતે ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા.

રાજયમાં કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. આક્રમક ગરમીના લીધે જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે ચામડીના દાહ અનુભવતા નાગરિકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીથી બચવા શહેરીજનો ઘરમાં પુરાયેલા રહે છે. આકરી ગરમીએ સૌને અકળાવી દીધા છે. જેમાં સિનિયર સિટીઝન્સ તેમજ બાળકો વિશેષ પ્રભાવિત છે. જયારે આજે પણ ગરમીનો પારો ઉપર ચઢતા મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીનો પાર થઈ ગયુ હતુ. ગરમીનો પારો ૪૩.૫ ડિગ્રી પહોંચી ગયો હતો. જેના લીધે સવારથી જ તાપ વધુ આકરો બન્યો હતો. ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. આકાશમાંથી વરસતા અંગારા દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન રહ્યા હતા. અંગ દઝાડતી ગરમીથી બચવા માટે નગરજનો બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. ગરમીમાં લુ ન લાગે તે માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન લાગવાના પણ અનેક કિસ્સાઓ જોવા મળી રહ્યા છે. ત્યારે કરી રહ્યા છે. આકરી ગરમીથી બચવા માટે નગરજનોને કામ



તંત્રએ પણ નગરજનોને જાગૃત કરવા માટે હીટવેવથી બચવા માટે જરૂરી સુચનો કર્યા છે. આકરી ગરમીના લીધે નગરમાં લું ગરમીમાં ઠંડા ઠંડા કુલ કુલ રહેવા માટે શહેરીજનો આઈસ્ક્રીમ , બરફ ગોળા લીંબુ શિકંજી, છાશ સહીતના ઠંડા પીણાંનુ વિશેષ સેવન સિવાય ઘરની બહાર ન નિકળવા માટે તંત્ર દ્વારા જણાંવાયુ છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨.૬

● અનુસંધાન પાન-૭ પર

# ગુજકેટમાં ગણિતનુ પેપર લેન્ધી અને ભૌતિક વિજ્ઞાનમાં બે પ્રશ્નોમાં ભુલ

**એકંદરે પરીક્ષા સરળ : જિલ્લામાંથી ૨૩૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી**



ગાંધીનગર તા ૨૬

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ આજે આક્રમક ગરમીમાં ગુજકેટની પરીક્ષા આપી હતી. જો કે ભૌતિક વિજ્ઞાન , બાયોલોજી અને કેમેસ્ટ્રી સહીતના પ્રશ્નપત્રો સરળ નિકળતા વિદ્યાર્થીઓનો ભાર હળવો થયો હતો. ત્રણેય વિષયની પરીક્ષામાં જિલ્લામાંથી ૨૩૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ગુજકેટની પરીક્ષા માટે શહેરની ૨૯ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી .જયારે પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરાની વોચ પણ રહી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એન્જિનિયરીંગ તેમજ ડિપ્લોમાં ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટે બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જિલ્લામાંથી અંદાજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોની પરીક્ષા આપી હતી. જેમાં ભૌતિક વિજ્ઞાનમાં ૧૧૨ , બાયોલોજી ૭૬ અને ગણિતમાં ૪૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત ડો અજયસિંહ રાજપુત, બલવંતસિંહ

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂત પોર્ટલ ૨૯ એપ્રિલથી ખુલ્લુ મુકાશે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા આગામી ૨૯મી એપ્રિલથી ખેડૂત આઈ-પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે.

કૃષિ વિભાગની વિવિધ સહાયની યોજનાઓના ઘટકો માટે ખેડૂતોએ આ પોર્ટલ પર અરજી કરવાની હોય છે. મળતી વિગતો પ્રમાણે આ પોર્ટલ ૩૩ દિવસ સુધી ખુલ્લુ રહેશે.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૧મી મે સુધી આ પોર્ટલ પર ખેડૂતો નિયત નમુનામાં અરજી કરી શકે તે માટે ખેતીવાડી વિભાગની વિવિધ જિલ્લાઓની કચેરીઓને તે માટેની જાણકારી સહિતની વિગતો ખેડૂતોને મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

કૃષિ વિભાગની ૬૦ જેટલી વિવિધ સહાય યોજનાઓના અરજી પત્રકો મુકવામાં આવેલ છે.

આ પોર્ટલ પર પ્રાપ્ત થયેલ અરજીઓની આ પછી ચકાસણી કરી અને તે સહાય ચુકવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# ધો. ૨ ના વિદ્યાર્થીઓનું બાહ્ય મૂલ્યાંકન હવે જિલ્લાની ટીમ દ્વારા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર સાચા અર્થમાં બનાવવા તંત્રએ નવતર અભિગમ હાથ ધર્યો છે.

ધો. ૨ નું બાહ્ય મૂલ્યાંકન માટે તાલુકા ફેરની ટીમો મોકલી

**બાળકના શૈક્ષણિક સ્તર અને વિકાસનું સાચુ ચિત્ર મેળવવા તંત્રએ નવતર અભિગમ અપનાવ્યો**

અને તે કરાવવાનો મહત્વનો નિર્ણય લીધો છે. જિલ્લાની ૫૨૨ શાળામાં આ પ્રયોગ ત્રણ તબક્કામાં હાથ ધરાશે.

૨૬-૨૭ દરમ્યાન કલોલ, માણસા અને ગાંધીનગર મહાનગરપાલિકાની સરકારી શાળાઓમાં તે સફળતાપૂર્વક સંપન્ન કરી દેવામાં આવ્યું છે. આ માટે ૪૦૦થી વધુ કર્મચારીઓને ફરજો સોંપવામાં આવી હતી.

માણસા કલોલ અને ગાંધીનગર મનપાના વિસ્તારની શાળાઓમાં સફળતા બાદ આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિને પુછતાં જણાવ્યુ હતુ કે હા અમે આ અભિગમ અપનાવ્યો છે. બાળકનું સાચુ બાહ્ય મૂલ્યાંકન થાય એટલુ જ નહિ પણ તેના શૈક્ષણિક સ્તરના થયેલા વિકાસનુ સાચુ ચિત્ર મળી રહે તે હેતુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે આગામી ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તેમજ દહેગામ ખાતે ૧ અને ૨ મે ના રોજ પ્રયોગ આગળ ધપાવવામાં આવશે.

સુશ્રી પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે બાહ્ય મૂલ્યાંકન માટે સર્વશિક્ષા અભિયાનની ટીમનો સહયોગ લેવામા આવ્યો છે એટલુ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના ઈન્ચાર્જ કમિશ્નર તરીકે વિશાલ ગુપ્તા નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર રતનકંવર ગઢવી (ચારણ) લાંબી રજા પર ઉતરી ગયા છે.

૧૫ દિવસની રજા પર કમિશ્નર જતાં સરકારે મ્યુનિ. કમિશ્નર તરીકેનો ચાર્જ રિજીયોનલ કમિશ્નર વિશાલ ગુપ્તાને સોંપવાના હુકમો કર્યા છે.

વિશાલ ગુપ્તાએ આજે તેમના આ હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે. ગાંધીનગર મનપામાં વધુ એકવાર કમિશ્નર ચાર્જમાં આવ્યા છે. અગાઉ ડી.એન. મોદી ઈન્ચાર્જ કમિશ્નર તરીકે નિયુક્ત થયા હતા આ પછી તેમને નિયમિત નિમણુંક અપાઈ હતી.

# વિસનગર અને નડિયાદ મેડિકલ કોલેજમાં ૩૦૦ બેઠકો મંજુર

**બે નવી મેડિકલ કોલેજોમાં બેઠકો મંજુર : બંનેમાં ૧૫૦ બેઠકો મંજુર કરવામાં આવતા ગુજરાતમાં મેડિકલની કુલ ૪૪૫૦ બેઠકો ઉપલબ્ધ : કેન્દ્ર દ્વારા મંજુરી**

ગાંધીનગર,તા.૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને ઘરઆંગણેજ તબીબી શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકારે આરોગ્યનીતિ-૨૦૧૬ અમલી બનાવી છે. આ નીતિ હેઠળ ગ્રીનફીલ્ડ મેડીકલ કોલેજો સ્થાપવા માટે પ્રોત્સાહક યોજના જાહેર કરી હતી તે અંતર્ગત રાજ્યમાં નવી ગ્રીનફીલ્ડ મેડીકલ કોલેજ શરૂ કરવા માટે વિદ્યાર્થી દીઠ અને એમબીબીએસની બેઠક દીઠ, પાંચ વર્ષ સુધી દર વર્ષે ૧૫ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા મેડિકલ કોલેજોને આપવામાં આવશે.

કેન્દ્ર સરકારે આજે વિસનગર અને નડિયાદની બે નવી મેડીકલ કોલેજોમાં તબીબી શિક્ષણ માટે એમબીબીએસની ૧૫૦-૧૫૦ બેઠકો મળી કુલ ૩૦૦ બેઠકોને મંજૂરી આપી છે.

આ સાથે રાજ્યમાં કુલ ૪૪૫૦ બેઠકો ઉપલબ્ધ થશે. આ બેઠકો પર આ વર્ષ થી જ પ્રવેશ આપવામાં આવશે. જેના કારણે ૩૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને ડૉક્ટર બનવાની તક મળશે અને રાજ્યમાં ભવિષ્યમાં ડૉક્ટરોની સુવિધા પણ ઉપલબ્ધ થશે. ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં કેન્દ્ર સરકાર દ્વારા તબીબી શિક્ષણ ક્ષેત્રે આ બેઠકો મંજૂરી કરવા બદલી આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરોગ્ય મંત્રી જેપી નડ્ડાનો આભાર માન્યો છે. નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યું કે, નૂતન મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વિસનગર તથા ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ કોલેજ, નડીયાદ ખાતે આ વધારાની ૩૦૦ બેઠકો ઉપલબ્ધ થતાની સાથે જ રાજ્ય સરકારની ગ્રીનફીલ્ડ કોલેજોના નિર્માણની નીતિ અન્વયે આ બંને સ્થળોએ ૩૦૦-૩૦૦ પથારીની સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ પણ ઉપલબ્ધ થશે. જેના કારણે દર્દીઓને ઘરઆંગણે ઝડપથી સારવાર મળતી થશે. આ બેઠકોને મંજુરી માટે છેલ્લા એક વર્ષથી પ્રક્રિયા ચાલતી હતી જેને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા આજે મંજૂરી આપી દેવાઈ છે જેના પર આ વર્ષે ૨૦૧૯-૨૦ થી પ્રવેશ આપવામાં આવશે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી બાદ ઝરવાણી ધોધને પ્રવાસન સ્થળ બનાવાશે

નર્મદા,તા.૨૬

સરદાર સરોવર ડેમ નજીક કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ હવે આસપાસમાં આવેલા પ્રવાસન સ્થળોનો પણ વિકાસ કરવામાં આવી રહ્યો છે. કેવડીયા બાદ હવે ઝરવાણી ધોધ ખાતે પ્રવાસીઓ માટે વિવિધ આર્કષણો ઊભા કરવામાં આવશે.

નર્મદા જિલ્લામાં પ્રવાસનને વેગ આપવા હવે વન વિભાગ દ્વારા એક નવું આકર્ષણ ઉભું કરવામાં આવી રહ્યું છે. કેવડીયાથી નજીકમાં ઝરવાણી ધોધ આવેલો છે. ત્યાં સહેલાણીઓની સતત અવરજવર રહેતી હોય છે. કેવડીયામાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. તેવામાં ઝરવાણી ધોધને પણ હવે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. અહીં ખાસ કરીને મુખ્ય રસ્તા, ચેકડેમો,ફૂડ કોર્ટ,સ્વદેશી બનાવટની વસ્તુઓના સ્ટોલ, સ્પા, પેરા ગલાઈડિંગ, બનજી જંપિંગ, રોક કલાઈમ્બીંગ, હાઈ જંપ, ઝીપ લાઈન સહિતના આકર્ષણો ઉભા કરાશે. જે આગામી ૧૫ જૂન પહેલા પ્રવાસીઓને તમામ સવલતો પુરી પાડી દેવાનું આયોજન કરાયું છે.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com